# દક્ષિણના કેટલાંક તીર્થક્ષેત્રો

## મૈસુર - પર્યટન સ્થળ

બેંગલોરથી દક્ષિણની યાત્રાએ જતાં વચ્ચે મૈસુર આવે છે. તેથી સૌ કોઈ આ પ્રખ્યાત શહેર જોવા જરૂર જાય જ. તેથી મૈસુર સંબંધી થોડી માહિતી આપું છુ. મૈસુર પર્યટનનું સ્થળ છે. બેંગ્લોરથી મૈસુર ૧૨૫ કિ.મી. બસ રસ્તે થાય છે. બસમાં પહોંચતા ત્રણ કલાક થાય છે. મૈસુરમાં ઝુ ગાર્ડન જોવાના સ્થળોમાં છે. તેની સામે હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયમ છે. ત્યાં સુખડની બનાવેલી ઘણી જ ચીજો વેચાણમાં મૂકેલી છે. સુખડમાં નકશીકામ કરેલી પુષ્કળ ચીજો અહીં મળે છે. પ્રમાણમાં ભાવો ઘણા જ ઊંચા હોય છે.

મૈસુર પેલેસ :- મૈસુરના મહારાજાનો પેલેસ જરૂર જોવાલાયક છે. દરવાજા ઉપર ટીકીટ મળે છે. જે સરકાર તરફથી જ ટોકન તરીકે લેવાય છે. આ પેલેસ જોતા અગાઉના રજવાડાઓના વૈભવ અને જાહોજલાલીનો ખ્યાલ આવે. મહેલ જોવાનો ચાર્જ લે છે. તેથી ગાઈડ બધુ જ બતાવવા માટે સાથે આવે છે. જૂનો મહેલ ૧૯૦૮માં આગમાં બળી ગયો હતો. તેનું નવુ મોડલ બનાવીને આ નવા મહેલમાં મુકયું છે. હાલ જે મહેલ છે, તે ૧૯૧૨માં બનાવેલો નવો મહેલ છે. ઉપરની છતમાં સુખડ જેવા જ બર્મીઝ લાકડામાં ઘણું બારીક નકશીકામ અવર્ણનીય અને સુંદર છે. નકશીકામ, રંગબેરંગી કામ અને સોનાના કામથી જ આ આખો મહેલ બનેલો છે. દશેરાના દિવસે મૈસુર મહારાજાની જે સવારી નીકળતી હતી, તે આખી સવારીનું દશ્ય જુદા-જુદા ચિત્રોમાં દિવાલો પર ચીતરેલું છે. આ ચિત્રો જોતાં જરૂર લાગે કે કેવી ભવ્ય સવારી હશે અને કેટલી લાંબી આ સવારી નીકળતી હશે !

મહેલમાં રંગબેરંગી સુશોભિત સ્થંભો છે. અમુક સ્થંભો તો લોખંડના છે. છતાંય રંગબેરંગી છે. આ થાંભલાનું કામ તો સ્કોટલેન્ડથી ખાસ કારીગરોને બોલાવીને કરાવ્યું હતું. સવારીમાં મહારાજા જે પાલખીમાં બેસીને નીકળતા હતા, તે આખીયે સોનાની પાલખી હજૂ પણ મહેલમાં જોવા માટે રાખી છે, જે સોનાનું વજન નેટ ૮૦ કિલો છે તેમ ગાઈડે કહ્યું. આ પાલખીની ચોકી કરવા માટે ચોવીસ કલાક ખૂલ્લી બંદુક સાથે લશ્કરી માણસ રાખેલ છે.

આ રીતે ભોંયતળીયાનો માળ જોયા પછી ઉપર પહેલે માળ જવાનું છે. પહેલો માળ સોના-રૂપાના કામથી ભરપુર છે. દરવાજાના બારણાંને ચાંદીના નકશીવાળા પતરાથી મઢેલા છે. ઉપર મોટો હોલ છે અને ફરતી ત્રણેય બાજૂ ગેલેરી છે. રાજા અને તેના મુખ્ય મંત્રી ગુપ્ત મંત્રણા કરવા માટે આ હોલમાં બેસતા હતા તથા પ્રસંગોપાત લગ્ન જેવા પ્રસંગે અહીં સમારંભો યોજાતા

હતા. અહીં મહારાજા પ્યોર સોનાના સિંહાસન ઉપર બેસતા હતા અને તે સિંહાસનના સોનાનું વજન ૨૮૦ કિલો છે, જે આજે પણ જોવા માટે મહેલમાં રાખેલ છે. ઉઘાડી બંદુકે બે પોલીસો રાત-દિવસ અહીં ચોકી-પહેરો કરે છે. આ સિંહાસનના પગથિયાં ચાંદીના છે. આજુબાજૂની ગેલેરીમાં મહારાજાના કુટુંબીજનો બેસતા હતા. સામે ચોકમાં પ્રજાજનો બેસતા હતા. ટૂંકમાં આ મહેલ અવશ્ય જોવાલાયક છે. ખૂબ ઉતાવળે-ઉતાવળે પણ આ મહેલ જોતા પૂરો એક કલાક થાય છે. દરરોજ રાત્રે આ મહેલ ઉપર રંગબેરંગી રોશની થાય છે.

આ સિવાય મૈસુરમાં મ્યુઝિયમ છે, જે જોવાની ટિકીટ લેવાની હોય છે. ભારતમાં ઘણા સ્થળે મ્યુઝિયમો છે. તેના જેવું જ આ મ્યુઝિયમ છે. તે પણ જલ્દીથી જોતા પૂરો એક કલાક થાય છે. તે સિવાય મૈસુરનું મશહુર "વૃન્દાવન ગાર્ડન" ખાસ જોવાલાયક છે. તે દુનિયામાં જોવાલાયક ગાર્ડન ગણાય છે. તે જોવા જતાં રસ્તામાં સાઈડમાં રોડ ઉપર એક ફાંટો પડે છે. ત્યાંથી ગોમટગિરિ જવાય છે. આ ગોમટગિરિ નાની ટેકરી જેવો પહાડ છે, જે ચઢતા ફક્ત પાંચ જ મિનિટ થાય છે. ઈંદોરથી ૧૦ કિ.મી. દૂર જે નવું ગોમટગિરિ થયું છે તે અલગ છે. આ ગોમટગિરિમાં શ્રી બાહુબલીજીની ૧૬ ફીટની પ્રતિમા છે. સાથે ધર્મશાળા છે. ગામ નથી. તેથી અહીં કાંઈ જ મળતું નથી.

મૈસુર ગાર્ડન જોવાની ટિકિટ પણ ટોકન માત્ર જ છે. ગાર્ડનમાં ઘણી જગ્યાએ નાના-મોટા ફુવારા છે. પાણી ઉંચેથી ઢાળમાં વહેતુ આવે છે, પાણી જોરથી ઉપરથી નીચે આવે છે. એટલે પાણીના ધોધથી સફેદ દૂધ જેવા ફીણ બહુ જ થાય છે. આ બધુ જોવાની મજા આવે છે. રાત્રે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમ્યાન ગાર્ડનમાં રંગબેરંગી રોશની થાય છે. આથી ગાર્ડનનો દેખાવ સુંદર લાગે છે. પહેલા શનિ/રવિ ફક્ત બે જ દિવસ રાત્રે રોશની થતી હતી. હવે દરરોજ રાત્રે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમ્યાન રોશની થાય છે. ગાર્ડન ઘણું જ મોટું છે. વચ્ચે તળાવ જેવું બાંધેલું છે. તેમાં સામી સાઈડમાં "મધુ બાગ" છે. ત્યાં જવા માટે બે સ્ટીમલોંચ છે. ત્યાં જવાની ટિકિટ અલગ લેવી પડે છે. એક સાથે ૨૦ વ્યક્તિઓને લોંચમાં બેસાડે છે.

આ રીતે મૈસુરનું આ વૃન્દાવન ગાર્ડન અવશ્ય જોવાલાયક સ્થળ છે.

ભાઈ ! તું વિશ્વાસ લાવ કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય તેવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું. મારામાં અને પરમાત્મામાં કાંઈ ફેર નથી.